ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



### પાદરા અને ડભોઇ તાલુકાના સરકારી કર્મચારીઓએ મતદાન કરી લોકશાહી પ્રક્રિયામાં ભાગ લીધો

# વડોદરા જિલ્લામાં પોસ્ટલ બેલેટથી મતદાન

**લોકશાહીના** આ પર્વમાં કર્મચારીઓએ ભારે ઉત્સાહ બતાવ્યો હતો અને સમગ્ર પ્રક્રિયા નિયમોનુસાર પૂર્ણ થઈ હતી



(પ્રતિનિધિ) પાદરા, તા.20

પાદરા ખાતે પોસ્ટલ બેલેટથી સરકારી કર્મચારીઓએ કર્યું મતદાન. રાજ્યમાં આવનારી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીને પગલે ચૂંટણી કામગીરીમાં જોડાયેલા સરકારી કર્મચારીઓ માટે આજે પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન યોજાયું હતું. આગામી તા. 26 એપ્રિલે યોજાનાર ચૂંટણીને ધ્યાનમાં રાખીને આ વ્યવસ્થા કરવામાં આવી હતી. પાદરા મામલતદાર કચેરી ખાતે પોસ્ટલ બેલેટ મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી. અહીં નગરપાલિકા વિસ્તાર ઉપરાંત તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની બેઠકો માટે અલગ-અલગ મતદાન કેન્દ્રો ઉભા કરી કર્મચારીઓ માટે મતદાન સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

ચૂંટણી ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહી પ્રક્રિયામાં ભાગ લીધો હતો. સમગ્ર પ્રક્રિયા નિયમો અનુસાર પારદર્શક રીતે પૂર્ણ કરવામાં આવી હોવાનું તંત્ર દ્વારા જણાવાયું છે.

આ અંગે તાલુકા પંચાયતના ચૂંટણી અધિકારી કલ્પનાબેન મહેતાએ જણાવ્યું હતું કે, "ચૂંટણી કામગીરીમાં વ્યસ્ત રહેનાર કર્મચારીઓ મતદાનથી વંચિત ન રહે તે માટે પોસ્ટલ બેલેટ વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં સારો પ્રતિસાદ મળ્યો છે.

## ડભોઈ તાલુકા અને જિલ્લા પંચાયતની બેઠકો માટે પોસ્ટલ મતદાન



રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગર પાલિકા ની ચૂંટણી ને લઇ ચૂંટણી પ્રક્રિયા ની સરકારી કામગીરી માં રોકાયેલા સરકારી કર્મચારીઓ, પોલીસ,GRD અને હોમગાર્ડ જવાનો માટે ડભોઇ તાલુકા પંચાયત ખાતે પોસ્ટલ મતદાન યોજાયું હતું. સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણી ને લઈ ડભોઇ તાલુકા પંચાયત ની 20 બેઠકો માંથી બે બેઠકો બિન હરીફ થઈ છે. જ્યારે 18 બેઠકો માટે મતદાન થવાનું છે. જ્યારે જિલ્લા પંચાયત ની ચાર બેઠકો માં કાયાવરોહણ, થુવાવી, સીમળીયા અને ચાંદોદ ની બેઠકો માટે 26 મી એપ્રિલ મતદાન થવાનું છે. ત્યારે ચૂંટણી બંદોબસ્ત માં રોકાયેલ પોલીસ, હોમગાર્ડ અને જી.આર.ડી.જવાનો સહિત સરકારી કર્મચારીઓ માટે આજે ડભોઇ તાલુકા પંચાયત ખાતે પોસ્ટલ બેલેટ મતદાન યોજાયું હતું. શાંતિપૂર્ણ માહોલ માં યોજાયેલ મતદાન થી ઉમેદવારો માં પણ શાંતિ છવાઈ ગઈ હતી. બેલેટ મતદાન થી પણ કાંટા ની ટક્કર હોય તેવા ઉમેદવારો એ છુપી રીતે પણ ભારે મહેનત કરવી પડી હતી. બેલેટ મતદાન માં ઉમેદવારો ના ભાવિ શીલ થયા હતા.

## આગ ઝરતી ગરમીમાં પંખાની સુવિધા વિના મતદાન

ડભોઇ તાલુકા પંચાયત કચેરી ના કોન્ફરન્સ હોલ ખાતે ચૂંટણી કામગીરી માં રોકાયેલા 454 કર્મચારીઓ એ બેલેટ મતદાન કર્યું હતું.આગ ઝરતી ગરમી માં ભર બપોરે હવા ઉજાશ અને પંખાની સુવિધા વિના પરસેવે રેબઝેબ થયેલા કર્મચારીઓ એ લાઇન માં ઉભા રહી મતદાન ની ફરજ નિભાવી હતી.ત્યારે ચૂંટણી અધિકારી ની ધરાર બેદરકારી થી કર્મચારીઓ માં છૂપો રોષ પણ જોવા મળ્યો હતો.

### સદનસીબે કોઇ જાનહાનિ થઇ નહોતી

# કરજણ નજીક કિયા ગામ પાસે ગંભીર માર્ગ અકસ્માત

(પ્રતિનિધિ) કરજણ, તા.20

કરજણ તાલુકાના કિયા ગામ નજીક આજે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. મળતી માહિતી અનુસાર, એક ટ્રક ચાલકે અચાનક વાહન પરનો કાબુ ગુમાવતા ટ્રક રોડના ડિવાઈડર સાથે જોરદાર અથડાયો હતો. અથડામણ એટલી પ્રચંડ હતી કે ટ્રકને ભારે નુકસાન પહોંચ્યું હતું અને રસ્તા પર થોડો સમય માટે ટ્રાફિક વ્યવહાર પણ ખોરવાયો હતો.

અકસ્મતાની જાણ થતા જ સ્થાનિક લોકો અને રાહદારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. લોકોએ માનવતા દાખવી તુરંત સહાય કામગીરી હાથ ધરી અને ટ્રાફિકને નિયંત્રિત કરવામાં પણ મદદ કરી હતી. તેમની



સતર્કતા અને ઝડપી પ્રતિસાદને કારણે મોટી દુર્ઘટના ટળી હતી. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાની નોંધાઈ નથી, જેને કારણે રાહતનો શ્વાસ લેવાયો છે. ઘટનાને પગલે થોડા સમય માટે માર્ગ પર વાહન વ્યવહાર પ્રભાવિત રહ્યો હતો, પરંતુ બાદમાં પરિસ્થિતિ સામાન્ય બની ગઈ હતી.

પ્રાથમિક અનુમાન મુજબ ટ્રક ચાલકનું નિયંત્રણ ગુમાવવું અકસ્માતનું મુખ્ય કારણ માનવામાં આવી રહ્યું છે. પોલીસે ઘટનાની નોંધ લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### છોટાઉદેપુર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા 'હ્યુમન ચેઈન'નું આયોજન



**બોડેલી :** ૨૦ એપ્રિલ, છોટાઉદેપુર જિલ્લામાં આગામી તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય અને પેટા ચૂંટણીઓમાં પ્રત્યેક મતદાતા પોતાના મતાધિકારનો ઉપયોગ કરે અને લોકશાહીના આ મહાપર્વમાં સહભાગી બને તે હેતુથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એક ભવ્ય 'હ્યુમન ચેઈન' (માનવ સાંકળ)નું આયોજન કરવામાં આવ્યું હતું. 'SVEEP' કાર્યક્રમ અંતર્ગત મતદારોમાં જાગૃતિ લાવવા અને મહત્તમ મતદાન સુનિશ્ચિત કરવા માટે આ આયોજન કરાયું હતું. છોટાઉદેપુર નગરના પેટ્રોલ પંપ ચાર રસ્તાથી માણેકચોક સુધી યોજાયેલી આ વિશાળ માનવ સાંકળને જિલ્લા કલેક્ટર શ્રીમતી ગાર્ગી જૈન અને જિલ્લા વિકાસ અધિકારી સચિન કુમાર દ્વારા લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે કલેક્ટરએ જણાવ્યું હતું કે, લોકશાહીના મજબૂતીકરણ માટે નાગરિકોની ભાગીદારી અનિવાર્ય છે. માનવ સાંકળના માધ્યમથી મતદારોને ૨૬મી એપ્રિલે અચૂક મતદાન કરવા સંદેશ પાઠવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સ્વીપ નોડલ અધિકારી અને જિલ્લા શિક્ષણ અધિકારી આનંદકુમાર પરમાર, વિવિધ શાળાઓ અને કોલેજોના વિદ્યાર્થીઓ, યુવા મતદારો, સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને સરકારી કર્મચારીઓ જોડાયા હતા.

### વસાવા સમાજના ત્રીજા સમૂહ લગ્નોત્સવમાં 21 યુગલોએ પ્રભુતામાં પગલાં પાડયાં



**શિનોર :** શિનોર વસાવા હિત રક્ષક સમિતિ ના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી દાતા ઓના વિશેષ ફાળા અને સહયોગથી સફળ આયોજન કર્યું હતું. નવ દંપતી ને સાધુ,સંતો તેમજ સમાજ ના આગેવાનો ઉપસ્થિત રહી આશીર્વચન આપ્યા હતા. શિનોર વસાવા સમાજ હિત રક્ષક સમિતિ ના અશોક વસાવા અને સદસ્યો દ્વારા સમાજ ને ખોટા ખર્ચ થી બચાવવા તેમજ ગરીબ પરિવારોને પોતાના દીકરા - દીકરી ના લગ્નના ખર્ચા માંથી મુક્તિ મળે અને ધામધૂમ થી લગ્ન કરી શકે તે માટે છેલ્લા બે વર્ષથી સમૂહ લગ્નોત્સવ નું આયોજન કરવામાં આવે છે. દર વર્ષ ની જેમ ચાલુ વર્ષે પણ ગામના આગેવાન સચિન પટેલ દ્વારા જમવાનો અને મંડપ સહિત તેમના જીન નું વિશાળ મેદાન પણ આપી સહકાર આપેલ છે. ગત વર્ષે શિનોર મુકામે સમૂહ લગ્નોત્સવ નું આયોજન કરતા 32 જેટલા યુગલો એ ભાગ લીધો હતો. જ્યારે ચાલુ વર્ષે યુગલો લાભ લે તે માટે શિનોર વસાવા સમાજ ના સૌ યુવાનો અને વડીલો કામે લાગી ગયા હતા. જેમાં ચાલુ વર્ષે 21 નવ યુગલો આ સમુહ લગ્નવોત્સવ જોડાયેલા છે. આજ રોજ સમૂહ લગ્નોત્સવ માં શિનોર ગામમાં 21 વર રાજાઓ ની ડીજે ના તાલે પટેલવાડી થી વરઘોડો નીકળ્યો હતો. જે શિનોર ના લોકો જોવા ઉમટી પાડયાં હતાં. વરઘોડો વિશાળ મંડપ માં આવી પોહચતા બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક વિધિ દ્વારા લગ્નોત્સવ સંપન્ન થયો હતો.

### પાદરા ખાતે ભગવાન પરશુરામ જયંતિની ભવ્ય ઉજવણી



**પાદરા :** ભગવાન પરશુરામના જન્મોત્સવ નિમિતે પાદરા શહેર સમસ્ત બ્રાહ્મણ સમાજ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમમાં ધાર્મિક ઉત્સાહ અને ભક્તિમય વાતાવરણ છવાઈ ગયું હતું. આ અવસરે પાદરા સ્થિત ઝેન સ્કૂલ ખાતે સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે જ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા, જેમાં મોટી સંખ્યામાં બ્રાહ્મણો અને ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ઝેન સ્કુલ ના ધ્રુવ વૈદ્યએ પૂજા વિધીનો લાભ લીધો હતો. કાર્યક્રમ અંતર્ગત બ્રહ્મ ચોરાસીનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભૂદેવોએ હાજરી આપી અને ધાર્મિક વિધિઓમાં ભાગ લીધો હતો. ઉપસ્થિત ભક્તોએ ભગવાન સત્યનારાયણજી અને પરશુરામજીના દર્શન કરી તથા પ્રસાદી ગ્રહણ કરી આધ્યાત્મિક આનંદની અનુભૂતિ કરી હતી. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા બ્રાહ્મણ સમાજના આગેવાનો અને સભ્યો દ્વારા ઉત્તમ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી, જેના કારણે કાર્યક્રમ શાંતિપૂર્ણ અને ભવ્ય રીતે પૂર્ણ થયો હતો.

### ખેતરમાં ખેતી કરતા શ્રમજિવીઓ પર વિજળી પડી

# શિનોર તાલુકાના પુનિયાદ ગામે વીજળી પડતાં ત્રણ દાઝયા

**વિજળી** પડવાની ઘટનામાં તમામનો આબાદ બચાવ થયો

(પ્રતિનિધિ) શિનોર, તા.20

શિનોર તાલુકાના પુનિયાદ ગામે વિજળી પડતાં એક જ પરિવાર ત્રણ ને અસર પહોંચી રવિવારની સાંજે વિજળીના કડાકા ભડાકા વચ્ચે વરસેલા વરસાદી ઝાપટાં સાથે વિવિધ બે સ્થળોએ વિજળી પડવાની ઘટના માં શ્રમજીવી એક જ પરિવારની માતા અને બે પુત્રીઓ ને અસર પહોંચતા તાત્કાલિક ખાનગી હોસ્પીટલ માં સારવાર માટે લઈ જવાયા હતા.. સદનસીબે વિજળી



પડવાની આ ઘટનામાં તમામ નો આબાદ બચાવ થયો હતો.

મૂળ એમ.પી અલીરાજપુરના પાનગોલા ગામના ઉમરખોદરા ફળીયાના વતની અને હાલ શિનોર તાલુકાના પુનિયાદ ગામે કેરબાઈ ડાવર પોતાના પરિવાર સાથે રહી ખેતમજુરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે રવિવારની ઢળતી સાંજે શિનોરના પુનિયાદ ગામે વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો અને ભારે ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. આ સમયે કેલબાઇ તેની બે પુત્રી સેના અને મેના સાથે કપાસ વીણી રહેઠાણ ના સ્થળે જઈ રહ્યા હતા તે સમયે અચાનક વિજળી ના મોટા કડાકા સાથે તેઓની નજીક વિજળી પડતાં ત્રણે જણા ફંગોળાઈ ગયા હતા. અને નાની મોટી ઈજા પહોંચી હતી. ભોગ બનનાર શ્રમજીવી મહિલા જો કે તેઓને તાત્કાલિક સારવાર અર્થે સેગવાની ખાનગી હોસ્પિટલ માં લઈ જવાયા હતા. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી.

### બોડેલી રેલવે ફાટક પાસે જોખમી નાળૂ : કોઇ અકસ્માત સર્જાય તો જવાબદાર કોણ ?



■ બોડેલી થી છોટાઉદેપુર તરફ જતા રોડ ઉપર ફાટકની બાજુમાં આવેલ નાળાની બને તરફ ની પેરાફિટ દીવાલ તૂટી જતા જોખમની ભીતી સેવાઈ રહી છે કોઈ વાહન ખાસ બાઇક કોતર માં ખાબકે તેવી સ્થિતિ ત્યાં ના દ્રસ્ય જોતા દેખાઈ છે કોઈ દુર્ઘટના સર્જાય તે પહેલા તંત્ર અહીં લોખંડ ની રેલિંગ કરે અથવા પેરાફિટ દિવાલ બનાવે તેવી માંગ ઉઠી છે આ ફાટકની આસપાસ ટ્રાફિકની અવરજવર ખૂબ જ વધુ પ્રમાણમાં જોવા મળતી હોય છે અને કેટલીક વખતે ટ્રાફિકજામંત્ર દ્રશ્ય પણ સર્જાતા હોય છે તેવા સમયે કોઈ નાડાના કારણે કોઈ દુર્ઘટના થાય તો જવાબદાર કોણ એવા અનેક સવાલો અવરજવર કરતા લોકો કરી રહ્યા છે જેથી કરીને વહેલી તકે વ્યવસ્થિત રીતે સમાર કામ કરવામાં આવે એવી માંગો ઉઠી રહી છે.

# જેતપુરપાવી બસ સ્ટેન્ડ પાસે અકસ્માત બાદ દારૂની લૂંટ

**બાઈક** સવાર ખેપિયો ઝડપાયો

(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા.20

જેતપુરપાવી ખાતે બસ સ્ટેન્ડ નજીક એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ, બર્ગમેન સ્કૂટર ઉપર ભારતીય બનાવટનો વિદેશી દારૂ લઈ જતો એક ખેપિયો અકસ્માતનો ભોગ બન્યો હતો. અકસ્માત થતા જ સમગ્ર ઘટનાનો ભાંડો ફૂટ્યો હતો.

અકસ્માતની જાણ થતાં જ આસપાસના લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે એકત્રિત થઈ ગયા હતા. બાઈક પર ભરેલો દારૂ લોકો દ્વારા લૂંટી લેવાયો હતો, જેના કારણે થોડા જ સમયમાં ત્યાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.



સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, અકસ્માત બાદ બાઈક પર સવાર બીજો એક ખેપિયો સ્કૂટર લઈને ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો. જોકે, પોલીસે ઝડપી કાર્યવાહી કરીને એક આરોપીને ઝડપ્યો હતો. ઝડપાયેલા આરોપીની ઓળખ રાહુલભાઈ દેવજીભાઈ નાયકા (ઉંમર 21, રહે. વસેડી ખોકડ ફળીયા) તરીકે થઈ છે. તેના વિરુદ્ધ C-417/2026 હેઠળ પ્રોહિબિશન અધિનિયમની કલમ 65(A-E), 98(2) મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

### હરિપ્રબોધમ્ સત્સંગ સભાનું આત્મીય નિમંત્રણ

(પ્રતિનિધિ) પાદરા, તા.20

કાર્યક્રમમાં પ્રગટ ગુરુહરિ પ્રબોધજીવનસ્વામીજી મહારાજના દિવ્ય સાનિધ્યમાં સત્સંગ સભાનું આયોજન થવાનું હોવાથી હરિભક્તોમાં ભારે આનંદ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ સત્સંગ સભા માટે પાદરા મંડળના હરિભક્તો દ્વારા આત્મીય નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. સુહૃદસમ્રાટ ગુરુહરિ હરિપ્રસાદસ્વામીજી મહારાજના આશીર્વાદ અને યુગકાર્યને આગળ વધારતા પ્રબોધજીવનસ્વામીજી મહારાજના દિવ્ય સાનિધ્યમાં યોજાનારી આ સભા આત્મિક ઉન્નતિ માટે અનોખી તક બની રહેશે. કાર્યક્રમની વિગત મુજબ તા. 21 એપ્રિલ 2026ના રોજ પાદરા-વડોદરા રોડ પર સાંગમા કેનાલ પાસે આવેલ આશીર્વાદ ફાર્મ ખાતે કાર્યક્રમ યોજાશે.

# ધામણજા ગામમાં ચૂંટણી પ્રચાર દરમિયાન લોકોનો રોષ

**ખુલ્લી ગટરો** અને પાણી ભરાયેલા ખાડા જેવી સમસ્યાઓ ઉકેલવામાં તંત્ર નિષ્ફળ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.20

કરજણ તાલુકા જિલ્લા પંચાયતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. પ્રચાર અભિયાન દરમિયાન કોંગ્રેસના જિલ્લા પંચાયત ઉમેદવારો ધામણજા ગામે પહોંચ્યા હતા, જ્યાં તેમને સ્થાનિક રહીશોના રોષનો સામનો કરવો પડ્યો હતો. સ્થાનિક લોકોએ અગાઉ ચૂંટાયેલા પ્રતિનિધિઓ સામે અસંતોષ વ્યક્ત કરતાં જણાવ્યું કે વર્ષો



વીતી ગયા છતાં ગામના મૂળભૂત પ્રશ્નો યથાવત રહ્યા છે. ખાસ કરીને ધામણજા ગામની નવી નગરી વિસ્તારમાં ખુલ્લી ગટરોની સમસ્યા લાંબા સમયથી ઉભી છે, જેના કારણે દુર્ગંધ અને સ્વાસ્થ્ય સંબંધિત મુશ્કેલીઓ વધી રહી છે.

આ ઉપરાંત ભુવાજી વાળા ફળિયામાં તંત્ર દ્વારા ખોદવામાં આવેલ ખાડો હજુ સુધી પુરાયો નથી. ખાડામાં પાણી ભરાઈ જતા આસપાસ રમતા બાળકો માટે ગંભીર અકસ્માતનો ભય ઊભો થયો છે. સ્થાનિકોએ સવાલ ઉઠાવ્યો કે જો કોઈ દુર્ઘટના સર્જાય તો તેની જવાબદારી કોણ લેશે? ચૂંટણી પ્રચાર દરમિયાન સ્થાનિક રહીશોએ કોંગ્રેસના ઉમેદવારોને આ તમામ પ્રશ્નોની રજૂઆત કરી હતી. જવાબમાં ઉમેદવારોએ આશ્વાસન આપ્યું કે તેઓ જીત્યા બાદ ગામની સમસ્યાઓનો ઝડપી ઉકેલ લાવશે અને લોકોની સાથે ઉભા રહેશે. તેમ છતાં, સ્થાનિકોએ આક્ષેપ કર્યો કે ચૂંટણી સમયે નેતાઓ માત્ર વચનો આપે છે અને જીત્યા પછી પાંચ વર્ષ સુધી વિસ્તારમાં નજરે પડતા નથી. હવે જોવાનું રહ્યું કે ધામણજા ગામની આ પડતર સમસ્યાઓનો ઉકેલ કઈ રાજકીય પાર્ટી–કોંગ્રેસ, ભાજપ કે આમ આદમી પાર્ટી–લાવી શકે છે.

# પાદરા તાલુકા અને જિલ્લા પંચાયતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો ધમધમાટ

**તાલુકા પંચાયત**ની ૨૬ બેઠકો માટે ૬૮ ઉમેદવારો અને જીલ્લા પંચાયત ની ૬ બેઠકો માટે ૧૭ ઉમેદવારો ચુંટણી જંગ ના મેદાનમાં

(પ્રતિનિધિ) પાદરા, તા.20

પાદરા તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીને લઈને રાજકીય માહોલ દિવસેને દિવસે વધુ ઉત્તેજનાભર્યો બની રહ્યો છે. સત્તા કબજે કરવા માટે રાજકીય પક્ષો વચ્ચે કટોકટીભરી હરીફાઈ જોવા મળી રહી છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ચૂંટણીનો જોરદાર માહોલ જામ્યો છે. પાદરા તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની બેઠકો માટે ઉમેદવારી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થયું છે. અનેક ઉમેદવારો ચૂંટણી મેદાનમાં હોવાને કારણે દરેક બેઠક પર રસાકસીભરી ટક્કર જોવા મળી રહી છે. મતદારોને રીઝવવા માટે શામ, દામ, દંડની નીતિવાળું રાજકારણ જોર પકડશે તેવી સંભાવનાઓ વ્યક્ત થઈ રહી છે.

વર્તમાન ચૂંટણી અંગે પક્ષવાર સ્થિતિ જોતા ભાજપ અને કોંગ્રેસે તમામ બેઠકો પર ઉમેદવારો ઊભા કરીને બહુમતી મેળવવાનો દાવો કર્યો છે. કોંગ્રેસે પણ ભાજપને સીધી ટક્કર આપવા માટે વ્યૂહરચના તૈયાર કરી છે. ઉપરાંત આમ આદમી પાર્ટી (AAP) તેમજ અપક્ષ ઉમેદવારો મેદાનમાં ઉતરતાં અનેક વિસ્તારોમાં ત્રિકોણીય અને કેટલાક સ્થળોએ ચતુષ્કોણીય મુકાબલો સર્જાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્થાનિક સ્તરે જૂથવાદ, ટિકિટ વહેંચણીમાં અસંતોષ અને આંતરિક મતભેદો પણ ચૂંટણીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

ખાસ કરીને કેટલાક વિસ્તારોમાં બળવાખોર તત્વો અને અપક્ષ ઉમેદવારો પક્ષોના સત્તાવાર ઉમેદવારો માટે પડકારરૂપ બની શકે છે, જેના કારણે અણધાર્યા પરિણામોની શક્યતાઓ નકારી શકાય નહીં.

પાદરા તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણી માટે ઉમેદવારોનું પ્રચાર અભિયાન તેજ બનતાં સમગ્ર વિસ્તારમાં ચહલપહલ જોવા મળી રહી છે. બેનરો, પોસ્ટરો, ડોર-ટુ-ડોર કેમ્પેઈન અને સોશિયલ મીડિયા મારફતે પ્રચાર તેજ બન્યો છે. વિકાસના મુદ્દાઓ સાથે પાણી, રસ્તા, સફાઈ અને સ્થાનિક પ્રશ્નો સાથે જાતિ આધારિત સમીકરણો પણ મહત્વપૂર્ણ બની રહ્યા છે. આગામી દિવસોમાં સભાઓ, રોડ શો, પ્રચાર રેલીઓ અને સોશિયલ મીડિયા અભિયાનોથી પાદરા વિસ્તારમાં રાજકીય માહોલ ચરમસીમાએ પહોંચશે.

# 'એકના ડબલ'ની છેતરપિંડીના 30લાખફરિયાદીનેપરતસોંપાયા

**અઘોરી** પ્રથા અને કાળા જાદુના નામે ખેલ ખેલનારા ઝડપાયા

(પ્રતિનિધિ) શિનોર, તા.20

શિનોર પોલીસ મથકે અઘોરી પ્રથા, કાળો જાદુ અને એકના ડબલ ની ફરિયાદ ના આરોપીઓ પાસેથી રૂપિયા 30 લાખ પરત મેળવી કોર્ટના હુકમથી પોલીસે ફરિયાદીને પરત આપેલ છે.

શિનોર પોલીસ સ્ટેશને તારીખ 8 -11- 2025 ના રોજ ફરિયાદી નિલેશભાઈ ઓમપ્રકાશ અગ્રવાલ, બોડેલી દ્વારા આરોપીઓ ગોપીનાથ બાબા ઉર્ફે બેલીમ ,પાનસોરા તા.ઉમરેઠ, તથા ઝાકીરભાઈ, દક્ષેશ ઠાકર, ભૌમિક ઠાકર, ત્રણ નાના કરાડા સામે રૂપિયા 30 લાખ એકના ડબલ કરવાની લાલચ આપીને પડાવી લઈ છેતરપિંડીની ફરિયાદ કરેલ હતી. તેની તપાસ પી.આઈ.ગોહિલ કરી રહ્યા હતા, અને તપાસ દરમિયાન તમામ આરોપીઓને ઝડપી પાડી ને મુદ્દા માલના રૂપિયા 30 લાખ કબજે કરેલ હતા. શિનોર નામદાર કોર્ટમાં BNSS ની કલમ 497 મુદ્દા માલ પરત મેળવવાની અરજ કરેલ હતી. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ તારીખ 27 માર્ચ 2026 ના રોજ પ્રિન્સિપાલ સિવિલ જજ તથા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફ.ક.શિનોર દ્વારા શરતોને આધીન 29 લાખ 80 હજાર પરત મેળવવાની અરજી ગ્રાહ્ય રાખવામાં આવી હતી અને બમણી રકમના જામીન તથા તેટલી જ રકમના બોન્ડ રજૂ કર્યેથી આ રકમ પરત સોંપવાનો હુકમ કર્યો હતો.